જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૪/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૬૯૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૭૭	૫	૧૧૩૮૨	૧૭૪૯૭	૫	૧૭૫૦૨
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૫	૦	૪૭૦૫	૬૨૨૮	૦	૬૨૨૮
3	કલમ ૧૪3,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૬	૦	૭૬	૨૮૭	૦	૨૮૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૪૮૫૪	૩૯૭	૩૫૨૫૧	૩૬૧૫૫	૩૭૨	૩૬૫૨૭
કુલ		૫૧૦૧૨	૪૦3	૫૧૪૧૫	૬૦૧૬૭	૩૭૭	૬૦૫૪૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૮૧	૮,૦૯,૨૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૪૪૯	૧૪,૪૯,૦૦૦/-

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

રાણીપ પોલીસ સ્ટેશન

પોકેટકોપ મોબાઈલ ફોન આધારે ચોરીના બાઇક સાથે આરોપીને પકડી પાડતી રાણીપ પોલીસ

મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર-૦૧ અમદાવાદ શહેર તથા મે ના પોલીસ કમિશ્નર સાહેબશ્રી ઝોન-૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે મ પો કમિ સાશ્રી 'એલ' ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારી શ્રી ઓની જરૂરી સુચના તથા માર્ગદર્શન હેઠળ મિલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ પોલીસ ઇન્સપેક્ટર જે.બી.ખાંભલા રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની જરૂરી સુચના તેમજ સીધા માર્ગદર્શન હેઠળ અ.હે.કો પ્રદીપકુમાર થાવરાભાઈ બ.ન ૪૦૮૪ તથા પો.કો દિલીપકુમાર હીરાભાઈ બ.ન ૮૮૧૬ તથા અ.લો.૨ સુંડાભાઈ વિરમભાઇ બ.ન ૧૨૩૧૩ તથા અ.લો.૨ પ્રવીણભાઈ ઈશ્વરભાઈ બ.ન ૧૨૨૯૫ એ રીતેના તમામ સર્વેલન્સ સ્કોડના માણસો રાણીપ જી.એસ.ટી ફાટક ખાતે વાહન ચેકિંગમાં હતા દરમ્યાન પોકેટકોપ મોબાઈલ ફોન આધારે આરોપી દેવીસિંઘ હરિસિંઘ જાતે શેખાવત (મારવાડી) ઉ.વ ૬૫ ધંધો નિવૃત રહે મ.ન ૮૯ ન્યુ શ્રીજી નગર ,સેક્ટર-૫ નિર્ણય નગર અમદાવાદ શહેર તથા મુ.વ ગામ ગોથડા , તા.નવલગઢ , જિ. ઝુંઝનું રાજસ્થાન નાઓને આજરોજ તારીખ ૧૬/૦૪/૨૦૨૧ ના કલાક ૧૫/૩૦ વાગે પકડી અટક કરી આરોપી પાસેથી મુદ્દામાલ એક સિલ્વર કલરનું બ્લુ પટ્ટા વાળુ હીરો કંપનીનું સ્પ્લેંડર પ્લસ બાઇક જેની આગળ ની બાજુ નંબર પ્લેટ લગાવેલ ન હોય તથા પાછળ આર.ટી.ઓ નંબર GJ-18-AC-5272 લખેલ છે જેનો એન્જીન નંબર HA10AGJ5J18984 તથા ચેસીસ નંબર MBLHAR076J5J12811 જેની કિ.રૂ.૩૦,૦૦૦/- જેટલી ગણી શકાય તે તપાસ અર્થે પંચનામાં વિગતે કબજે કરી વાડજ પો સ્ટે પાર્ટ ' એ ' ગુ.ર.ન ૧૧૧૯૧૦૨૩૨૧૦૧૭૮/૨૦૨૧ ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ નો ગુનો શોધી કાઢી સારી કામગીરી કરેલ છે.

જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશન સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હોળી-ધૂળેટી ના પવિત્ર તહેવાર નિમીતે તેમજ કોરોના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની પ્રવૃત્તી નેસ્ટ નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૧૬/૦૪/૨૦૨૧ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે વિસ્તારમાં કલાક.૧૮/૨૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા કલાક.૧૮/૪૦ વાગે કુબેરેશ્વર મહાદેવ મંદિર સામે ગાયત્રી સોસાયટીના નાકે જાહેર રોડ ઉપર આવતા પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે " **ગાયત્રી સોસાયટી ની અંદર ખોડીયાર જ્યોતી ના મ.નં-૦૨ ની ઉપર આવેલ રૂમ માં મકાન માલિક જીવરાજસિંહ માંગુસિંહ સેખાવત નાઓ પોતાના આર્થીક ફાયદા સારૂ બહારથી કેટલાક ઇસમોને જુગાર રમવા સારૂ પોતાના ઘરે બોલાવી ભેગા કરી પોત-પોતાના અંગત આર્થિક ફાયદા સારૂ પૈસા પાનાથી નાંણાની હારજીતનો તીન-પતીનો જુગાર રમી રમાડે છે.અને હાલમાં ઉપરોક્ત જગ્યાએ જુગારનો અખાડો ચાલુ છે** " જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તેમજ પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યા ખોડીયાર જ્યોતી સોસાયટી **મ.નં-૦૨ ની ઉપર આવેલ રૂમ માં** સીડી વાટે જઇ રૂમ માં રેઇડ કરી જુગાર રમતા દસ આરોપીઓને અંગજડતીના રોકડા નાંણા રૂ.૧૨,૮૪૦/-તથા દાવ ઉપરથી મળેલ રોકડ નાંણા રૂ.૩,૦૦૦/- તથા નાળ ના નાણા રૂ.૧,૦૦/-મળી કુલ્લે રોકડ કિ.રૂ.૧૬,૮૪૦/-તથા ગંજીપાના નંગ ૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૦૮ કુલ્લે કિ.રૂ.૧૭,૫૦૦/-મળી કુલ્લે કિ.રૂ.૩૪,૩૪૦/-ના મુદ્દામાલ ના સાથે ક.૧૯/૫૦ વાગે જુગાર ધારા કલમ-૪ ,૫ મુજબ પકડી પાડી સારી કામગીરી કરેલ છે તા.૧૭/૦૪/૨૦૨૧

આરોપીઓના નામ

(૧) જીવરાજસિંહ સ/ઓ માંગુસિંહ ભવરસિંહ જાતે સેખાવત ઉ.વ.૫૦ રહે,મ.નં-૨,ખોડીયાર જ્યોતી સોસાયટી ગાયત્રી સોસાયટીની સામે સૈજપુર બોઘા કૃષ્ણનગર અમદાવાદ શહેર +૯=૧૦

મુદ્દામાલ :

અંગઝડતી ના રોકડા નાંણા રૂ.૧૨,૮૪૦/-તથા દાવ ઉપરથી મળેલ નાંણા રૂ.૩,૦૦૦/-તથા નાળ ના નાણા રૂ.૧,૦૦૦/-મળી કુલ્લે રોકડા નાંણા રૂ.૧૬,૮૪૦/-તથા ગાંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મોબાઇલ ફોન નંગ-૦૮ કુલ્લે કિ.રૂ.૧૭,૫૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૩૪,૩૪૦/-ના મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા અ.હેડ.કોન્સ મહેંદ્રસિંહ નરવતસિંહ બ.નં-૫૧૩૨ તથા અ.હેડ.કોન્સ કલ્પેશકુમાર રણછોડભાઇ બ.નં-૫૦૭૧ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં.૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા લોકરક્ષક ભગીરથસિંહ સજાભાઇ બ.નં-૧૧૯૦



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૯૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૧૯૮ લીટર દેશી દારૂ, ૧૮૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨ સ્કુટર, ૧ મોટર સાયકલ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૯,૦૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૯૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૬૯૪/૨૦૨૧**

કૃષ્ણનગરઃ અલ્પેશકુમાર વાડીલાલ પટેલ (ઉ.વ.૪૧) (રહે. રત્નદીપ સોસાયટી નિગમ રોડ ઘોડાસર) તા.૧૬/૦૪/૨૦૨૧ કલાક ૫/૧૫ વાગ્યાના સુમારે વિજયપાર્ક બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડની બાજુમાંથી એકટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ અલ્પેશકુમારના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અલ્પેશકુમાર પટેલે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

વાહન અકસ્માતમા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૬૯૫/૨૦૨૧**

"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ અનિલભાઇ જયંતિભાઇ પરીખ (ઉ.વ.૭૫) (રહે.ધનશ્યામનગર સોસાયટી ઘોડાસર કેનાલ રોડ ઘોડાસર) તા.૧૬/૦૪/૨૦૨૧ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે આવકાર હોલ ચાર રસ્તા નજીકથી એકટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે લોડીંગ રીક્ષા નંબર જીજે ૦૧ બીએક્સ ૫૪૯૬ ના ચાલકે રીક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી એકટીવાને ટક્કર મારતા અનિલભાઇ પરીખને ગંભીર ઇજાઓ થતા નારણપુરા લાઇફ કેર હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.જ્યા સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજ્યું હતુ.આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર અનિલભાઇના પત્ની અરૂણાબહેન પરીખે "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.એસ.સીસોદીયા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૬૯૬/૨૦૨૧**

સોલા હાઇકોર્ટઃ નિકુંજકુમાર સુરેશલાલ પટેલ (ઉ.વ.૩૪) (રહે. સીમંધર સ્ટેટસ શાયોના ગ્રીન પાસે ગોતા) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૪/૨૦૨૧ કલાક ૮/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બારીની ગ્રીલ સાથે પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણવીરસિહ વજેસિહ ચલાવે છે.

કૃષ્ણનગરઃ સ્વાતિબહેન વા/ઓ ચિરાગ ગાંધેર (ઉ.વ.૨૧) (રહે.પારસનગરની બાજુમાં સિધ્ધી ફ્લેટ બજરંગ આશ્રમ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૪/૨૦૨૧ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડિવિઝન ચલાવે છે.

મેઘાણીનગરઃ સીતાબહેન સંજયભાઈ પટણી (ઉ.વ.૩૯) (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ કલાપીનગર શુભમ હોસ્પીટલ પાસે કલાપીનગર મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૪/૨૦૨૧ બપોરના ૧/૩૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એન.ચાવડા ચલાવે છે.

રામોલઃ ચિંતન રમેશચંદ્ર ભટ્ટ (ઉ.વ.૨૫) (રહે. ગજાનંદ હાઇટસ કોસમોસ વીલા પાસે બાજુમાં વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૪/૨૦૨૧ સવારના ૫/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મણીલાલ ચંદુભાઇ ચલાવે છે.

દાણીલીમડાઃ વાલીબહેન મેપાભાઇ સોલંકી (ઉ.વ.૭૦) (રહે. પરિક્ષીતલાલનગર બહેરામપુરા) એ બિમારીથી કંટાળી તા.૧૫/૦૪/૨૦૨૧ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસિડ પી લીધુ હતુ. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૦૪/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એમ.રાઠવા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી